# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 29-05-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ લોકસભા ચૂંટણીનાં અંતિમ તબક્કાનાં મતદાન માટે પ્રચાર વેગમાં – આજે ટોચનાં પક્ષોનાં સ્ટાર પ્રચારકોની જાહેરસભાઓ અને રોડ શો.
- ✓ ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતનાં રાજ્યોમાં ગરમીનું મોજું યથાવતઃ રાજસ્થાનમાં 50.5 અને દિલ્હીમાં 50 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું.
- ✓ રેમલ ચક્રવાતને પગલે અતિ ભારે વરસાદથી મિઝોરમમાં 23 અને આસામમાં ત્રણનાં મૃત્યુ.
- ✓ પાપુઆ ન્યૂ ગિનીમાં ભૂસ્ખલન બાદ પુનર્વસન કાર્ય માટે ભારતની 10 લાખ ડોલરની સહાય.
- ✓ પાકિસ્તાનનાં ભૂતપુર્વ પ્રધાનમંત્રી નવાઝ શરીફે 1999માં ભારત સાથે શાંતિ સમજૂતિનો ભંગ કર્યો હોવાનું કબૂલ્યું.
- ✓ ભારતીય પર્વતારોહક સત્યદીપ ગુપ્તાએ એક જ સીઝનમાં બે વખત એવરેસ્ટ અને લ્હોત્સે પર્વતનું આરોહણ કરીને વિશ્વવિક્રમ સર્જ્યો.

## *CAMPAIGN*

**લોકસભાની ચૂંટણીનાં સાતમા અને અંતિમ તબક્કાનાં પ્રચાર માટે માત્ર બે જ દિવસ બચ્યા છે ત્યારે ટોચનાં રાજકીય પક્ષોનાં સ્ટાર પ્રચારકો મતદારોને આકર્ષવા જાહેરસભાઓ અને રોડ શો કરી રહ્યા છે.**

**પ્રધાનમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળમાં મથુરાપુર તથા ઓડિશામાં મયુરભંજ, બાલાસોર અને કેન્દ્રાપાડામાં જાહેરસભાઓ સંબોધશે.**

કેન્દ્રીય ગૃહ મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે ઉત્તરપ્રદેશમાં મહારાજગંજ, દેઓરિયા, બલિયા અને સોનભદ્ર ખાતે જાહેર સભાઓ સંબોધશે અને ગાઝીપુરમાં રોડ શો કરશે. કોંગ્રેસના વરિષ્ઠનેતા રાહુલ ગાંધી આજે લુંધિયાણામાં જાહેરસભા સંબોધશે.

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ દુધી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે પ્રચાર કરશે. તેઓ રોબર્ટ્સગંજ અને મિરઝાપુર લોકસભા મતવિસ્તારોમાં પણ જાહેર સભાઓ સંબોધશે. દરમિયાન, ઝારખંડમાં ત્રણ બેઠકો માટેનો પ્રચાર વેગવાન બન્યો છે. ભાજપના પ્રમુખ જેપી નડ્ડા આજે દુમકા અને ગોડ્ડામાં ચૂંટણી સભાઓ સંબોધશે, જ્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આવતી કાલે દુમકામાં જાહેર સભા સંબોધશે.

1 જૂને અંતિમ તબક્કામાં સાત રાજ્યો અને  એક કેન્દ્રશાસિત પ્રદેશોમાં 57 બેઠકો માટે ચૂંટણી યોજાશે, જેનાં પ્રચાર પડઘમ આવતી કાલે સાંજે શાંત થશે. દરમિયાન, ચૂંટણી પંચે છઠ્ઠા તબક્કાની ચૂંટણીમાં થયેલા મતદાનનો આંક પ્રસિધ્ધ કર્યો છે. શનિવારે 58 બેઠકો માટે યોજાયેલા મતદાનમાં સાત કરોડ પાંચ લાખ 44 હજાર 933 લોકોએ મતદાન કર્યું હતું એમ ચૂંટણી પંચે જણાવ્યું છે.

.................

## *MODI IN KANYAKUMARI*

પ્રધાનમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી 30મેથી કન્યાકુમારીની ત્રણ દિવસની મુલાકાતે જશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, શ્રી મોદી રોક મેમોરિયલની મુલાકાત લેશે અને ધ્યાન મંડપમ ખાતે ધ્યાન ધરશે. આ એ જ સ્થળ છે જ્યાં સ્વામી વિવેકાનંદે સાધના કરી હતી.

સ્વામી વિવેકાનંદ પર આ શિલાની ભારે અસર પડી હતી. એવી માન્યતા છે કે જેમ ગૌતમ બુધ્ધનાં જીવન પર સારનાથનું વિશેષ સ્થાન છે એ જ રીતે આ શિલાનું પણ સ્વામી વિવેકાનંદનાં જીવનમાં વિશેષ સ્થાન છે. દેશભરમાં ભ્રમણ કરીને સ્વામી વિવેકાનંદે અહીં આવીને ધ્યાન કર્યું હતું અને વિક્સિત

ભારતની કલ્પના કરી હતી. 30મી મેનાં રોજ અંતિમ તબક્કાનાં મતદાન માટે પ્રચાર પૂર્ણ થાય પછી શ્રી મોદી અહીં આવશે. વર્ષ 2019માં શ્રી મોદીએ છેલ્લાં તબક્કાનાં મતદાન પહેલાં કેદારનાથ ગુફાની મુલાકાત લીધી હતી.

.................

## *IMD- HEAT WAVE*

દેશના કેટલાક ભાગોમાં, ખાસ કરીને ઉત્તર-પશ્ચિમનાં રાજ્યોમાં ગરમીનું તીવ્ર મોજું યથાવત રહ્યું છે અને તાપમાન નવા વિક્રમ સર્જી રહ્યું છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગઈ કાલે રાજસ્થાનના ચુરુ જિલ્લામાં 50.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે દેશમાં સૌથી વધુ મહત્તમ તાપમાન છે. રાજ્યમાં શ્રીગંગાનગર, પિલાની અને ફલોદીમાં પણ 49 ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન નોંધાયું હતું. હરિયાણામાં પણ ભીષણ ગરમીનો પ્રકોપ જોવા મળ્યો હતો. સિરસામાં ગઇ કાલે 50.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

દરમિયાન, રાજધાની દિલ્હીના મુંગેશપુર વિસ્તારમાં 49.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે રાષ્ટ્રીય રાજધાનીમાં આ મોસમનું સૌથી વધુ તાપમાન છે.

આકાશવાણી સમાચાર સાથેની વિશેષ મુલાકાતમાં ભારતના હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. આર.કે. જેનમણીએ જણાવ્યું હતું કે ઉત્તર-પશ્ચિમ અને મધ્યભારતનાં રાજ્યોમાં ગરમીમાં આવતી કાલથી ક્રમશઃ ઘટાડો જોવા મળશે.

રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં સામાન્ય કરતાં ચારથી છ ડિગ્રી વધુ તાપમાન જોવા મળી રહ્યું છે.

દરમિયાન, દક્ષિણ અરબી સમુદ્રનાં કેટલાંક ભાગોમાં નૈઋત્યનું ચોમાસું થોડું આગળ વધ્યું છે. ચક્રવાતી વાવાઝોડાં રેમલને કારણે પૂર્વનાં રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી રહ્યો છે.

.................

## *REMAL CYCLONE DEATH...*

રેમલ ચક્રવાતે પૂર્વ અને ઇશાન ભારતનાં રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદે વિનાશ વેર્યો છે. મિઝોરમમાં 23, આસામમાં ત્રણ અને મેઘાલયમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે.

મિઝોરમની રાજધાની આઇઝોલમાં ભૂસ્ખલનને પગલે ઓછામાં ઓછાં 23 લોકોનાં મૃત્યુ થયા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જાનહાનિ બદલ શોક વ્યક્ત કર્યો છે.

ભારે વરસાદથી આસામમાં ત્રણ વ્યક્તિનાં મૃત્યુ થયા છે અને 17ને ઇજા થઈ હતી. મેઘાલયમાં પૂર્વ જૈંતિયા પર્વતીય જિલ્લામાં દિવાલ તૂટી પડતાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. ત્રિપુરામાં પણ જનજીવન ખોરવાયું હતું. રાજ્યના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. કેટલાક ભાગોમાં વીજળી, પાણી પુરવઠા સાથે ઇન્ટરનેટની સેવાને અસર થઈ હતી.

દરમિયાન, ચક્રવાતી તોફાન રેમલ નબળું પડી ગયું છે અને હવાના તીવ્ર દબાણમાં પરિવર્તિત થયું છે. તેની અસરને પગલે પશ્ચિમ બંગાળમાં આગામી ચાર દિવસ દરમિયાન ભારે વરસાદની સંભાવના છે એમ હવામાન વિભાગે જણાવ્યું છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

.................

## *INDIA PAPUA*

ભારતે પાપુઆ ન્યૂ ગિનીમાં થયેલા વિનાશક ભૂસ્ખલનને પગલે રાહત, પુનવર્સન અને પુનનિર્માણ માટે 10 લાખ ડૉલરની તાત્કાલિક સહાય જાહેર કરી છે.

24મી મેના રોજ પાપુઆ ન્યૂ ગિનીના એંગા પ્રાંતમાં ભૂસ્ખલન થયું હતું, જેમાં અત્યાર સુધીમાં બે હજારથી વધુ નાગરિકોના મોત થયા હોવાનું જાણવા મળ્યું છે. અત્યંત દુર્ગમ વિસ્તાર હોવાથી પ્રભાવિત સ્થળોએ બચાવ કામગીરી મુશ્કેલ બની છે. જેથી સ્થાનિક લોકો જ ટાંચા સાધનો સાથે દટાયાલા લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ભારતીય વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે ભારત આ પ્રાકૃતિક આફતમાં પાપુઆ ન્યૂ ગિની સાથે મજબૂતીથી ઉભું છે. મંત્રાલયે આ આફત નિવારણ અને પ્રબંધનના પગલાં ને ભારતના હિન્દ-પ્રશાંત મહાસાગર વિસ્તારની પહેલનો મહત્વપૂર્ણ સ્તંભ ગણાવ્યો છે.

.................

## *PAKISTAN- NAWAS SHARIF*

પાકિસ્તાનના ભૂતપુર્વ પ્રધાનમંત્રી નવાઝ શરીફે સ્વીકાર્યું હતું કે, ઇસ્લામાબાદે 1999માં ભારત સાથેની સમજૂતિનો ભંગ કર્યો હતો.

ગઈકાલે પાકિસ્તાન મુસ્લિમ લીગ (નવાઝ) પક્ષની જનરલ કાઉન્સિલની બેઠકમાં ઘટસ્ફોટ કરતાં શરીફે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમણે 28 મે, 1998નાં રોજ પરમાણુ પરિક્ષણો હાથ ધર્યા હતા, જેનાં જવાબમાં ભારતના તત્કાલીન પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીએ લાહોરની મુલાકાત લીધી હતી અને 21 ફેબ્રુઆરી, 1999નાં રોજ લાહોર ડેક્લરેશન પર હસ્તાક્ષર કર્યા હતા.

આ સમજૂતિનો હેતુ ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવાનો હતો. જોકે, આ સમજૂતિનાં ટૂંક સમય બાદ પાકિસ્તાનનાં લશ્કરે જમ્મુ કાશ્મીરનાં કારગિલમાં ઘુસણખોરી કરી હતી, જેને પગલે કારગીય યુધ્ધ છેડાયું હતું એમ શ્રી શરીફે જણાવ્યું હતું.

ગઈકાલની બેઠકમાં શ્રી શરીફ પીએમએલ-એન પક્ષના પ્રમુખ તરીકે પુનઃ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.

.................

## MT. EVEREST AND MT. LHOTSE

ભારતીય પર્વતારોહક સત્યદીપ ગુપ્તાએ એક જ સીઝનમાં બે વખત એવરેસ્ટ અને લ્હોત્સે પર્વત પર આરોહણ કરીને ઇતિહાસ સર્જ્યો છે.

આ સિધ્ધિ હાંસલ કરનાર તેઓ વિશ્વનાં પ્રથમ પર્વતારોહક બન્યા છે. તેમણે 11 કલાક અને પંદર મિનિટમાં એવરેસ્ટ પર્વતથી લ્હોત્સે એમ બે શિખરો સર કરનાર પ્રથમ ભારતીય બનવાનો વિક્રમ પણ સર્જ્યો છે.

આયોજકોનાં જણાવ્યા પ્રમાણે શ્રી ગુપ્તાએ 8 હજાર 516 મીટર ઊંચો લ્હોત્સે પર્વત અને પછી 8 હજાર 849 મીટર ઊંચા એવરેસ્ટ પર્વતનું આરોહણ કરીને અનોખી સિધ્ધિ મેળવી હતી. એવરેસ્ટ વિશ્વનું સૌથી ઉંચું અને લ્હોત્સે ચોથા ક્રમનું ઊંચું શિખર છે.

શ્રી ગુપ્તે અગાઉ 21 અને 22મેનાં રોજ અનુક્રમે એવરેસ્ટ અને લ્હોત્સે પર્વતોનું આરોહણ કર્યું હતું.

.................

## ARM WRESTLING

ઉઝબેકિસ્તાનના તાશ્કંતમાં યોજાયેલી એશિયન ચેમ્પિયનશીપમાં આર્મ રેસલિંગમાં ભારતની ટીમે એક સુવર્ણ અને છ રજત સહિત કુલ સાત ચંદ્રકો મેળવ્યા છે.

ભારત વતી શ્રીમંત ઝાએ બે શ્રેણીમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે, તેમણે ડાબા હાથની પેરા કેટેગરીમાં સુવર્ણ અને જમણા હાથની પેરા કેટેગરીમાં રજત ચંદ્રક મેળવ્યો છે.

દરમિયાન નેશનલ રાઇફલ એસોસિએશને જર્મનીના મ્યુનિકમાં રમાનારા ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન વર્લ્ડ કપ માટેની 23 સભ્યોની રાઇફલ અને પિસ્તોલ ટીમ જાહેર કરી છે.

.................

## *AYUSH PRAGATI*

આયુષ મંત્રાલયના સચિવ વૈદ્ય રાજેશ કોટેચાએ આયુષ ક્ષેત્રના વિકાસ માટે વધુ સંશોધન પર ભાર મૂક્યો છે.

તેમણે કહ્યું કે છેલ્લા દસ વર્ષોમાં ઘણા સંશોધનો થયા છે. નવી દિલ્હીમાં ફાર્મા રિસર્ચ ઇન આયુર્જ્ઞાન એન્ડ ટેક્નો ઇનોવેશન કાર્યક્રમના ઉદ્ઘટન પ્રસંગે પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે આ જણાવ્યું. શ્રી કોટેચાએ કહ્યું કે આ ક્ષેત્રે વૈશ્વિક પરિમાણોને પૂર્ણ કરવા માટે તમામ હિતધારકોએ સાથે મળીને કામ કરવાની જરૂર છે.

તેમણે કહ્યું કે મંત્રાલય દેશને પારંપરિક ઔષધિઓની દિશામાં સક્ષમ બનાવવાની દિશામાં કામ કરી રહ્યું છે. આ કાર્યક્રમ કેન્દ્રીય આયુર્વેદીક સંશોધન પરિષદ (CCRAS) દ્વારા આયોજીત કરાયો હતો.

.................

## *COURT-SWATI-MAILWAL-CASE*

દિલ્હીની અદાલતે આપ પક્ષના સાંસદ સ્વાતી માલીવાલ ઉપર કથિત હુમલાના કેસમાં આરોપી અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સહાયક બિભવ કુમારની પોલીસ કસ્ટડીની મુદત 31મી મે સુધી વધારી છે.

મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ ગૌરવ ગોયલ સમક્ષ આરોપીને રજુ કરીને દિલ્હી પોલીસે તેની પાંચ દિવસની કસ્ટડી મંજુર કરવા રજૂઆત કરી હતી.

ઉલ્લેખનીય છે કે બિભવ કુમારની ચાર દિવસની ન્યાયિક અટકાયતની મુદત પુરી થતી હોવાથી આરોપીને અદાલત સમક્ષ રજુ કરાયો હતો.

.................